# Jainism is like a Rainbow

# પશુજન્ય દૂધ આદિ ન જ પીવાય ?




- પૂ.પંન્યાસ શ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા.

# પશુજન્ય દૂધ આદિ
# ન જ પીવાય ?

**અનુયોગાચાર્ય**

**પૂ. શ્રી  લબ્ધિચંદ્રસાગરજી મ.સા.**


પ્રકાશક: શંખેશ્વર કરુણા ટ્રસ્ટ

કુંભણ ગામ, સોનગઢ-પાલીતાણા હાઇવે ટચ

જિ. ભાવનગર, ગુજરાત.

પ્રથમ આવૃતિ: ડિસેમ્બર, ૨૦૧૯.



સમ્પાદક: પંડિત શ્રીધનંજયભાઇ જે. જૈન " પ્રેમકેતુ"

M: 92768 23488/84909 09393

# પ્રસ્તાવના

**પશુજન્ય દૂધ આદિ ન જ પીવાય ?** આ પ્રશ્નનો જવાબ હિન્દુઝમ **'પીવાય'** એવો આપે છે, જેનું પ્રતીક ટાઇટલ ચિત્રમાં 3 (રાઇટ) મૂકવામાં આવેલ છે.

હિન્દુઝમ કહે છે કે, 'દૂધ તો પીવાય જ. પીવું જ જોઇએ. શ્રીરામ-શ્રીકૃષ્ણ વગેરે દૂધ પીતા હતા જ ને ? અરે ! ગાયનું દૂધ તો અમૃત છે. ગાયનું દૂધ પૂર્ણ આહાર છે. દૂધ તો ખૂબ પીવું જોઇએ. દૂધ પીવાથી હૃષ્ટ, પુષ્ટ અને તુષ્ટ થવાય છે. ઘણા સંન્યાસીઓ અને સાધકો વર્ષો સુધી દૂધ ઉપર જ રહયા છે તેવા અનેક દષ્ટાંતો છે', ઇત્યાદિ.

હવે પૂર્વોકત આ જ પ્રશ્નનો જવાબ વિગ્નીઝમ 'ના પીવાય' એવો આપે છે. તેના પ્રતીક રૂપે ટાઇટલ ચિત્રમાં X મૂકેલ છે. અર્થાત્ વિગ્નીઝમ કહે છે કે, "દૂધ ન જ પીવાય. પશુજન્ય દૂધ અને દૂધની તમામ બનાવટો ન જ પીવાય/ન જ વપરાય. કેમકે દૂધ ગાય વગેરે પશુમાંથી નીકળે છે. જેમ ગાય આદિ પશુમાંથી નીકળતું લોહી-માંસ વર્જ્ય છે, તેમ પશુમાંથી નીકળતાં દૂધ-મૂત્ર-છાણ અને દહીં, ઘી, વગેરે બધું જ માંસાહાર છે. તેથી તે ન જ પીવાય- ન જ ખવાય."

વિગ્નીઝમ તો ત્યાં સુધી માને છે કે,'પશુ રખાય જ નહિ, કેમ કે પશુનો કોઇ પણ પ્રકારે ઉપયોગ કરવો તે તેની હિંસારૂપ છે.' એટલે વિગ્નીઝમ સંપૂર્ણ પશુરહિત જીવનવ્યવસ્થાને સ્વીકારે છે... અને તેના સ્વીકારમાં જ મનુષ્યોનું સાચું હિત છે તેમ માને છે. (કેવો ખતરનાક વિચાર !!!)

**આ બન્ને છેડાઓ એકાંત છે અને એકાંત એટલે મિથ્યાત્વ. મિથ્યાત્વ એટલે ખોટું.**

હવે પૂર્વોકત પ્રશ્નના ઉત્તરમાં જૈનીઝમ શું માને છે ? તે કહે છે કે 'હા... દૂધ પીવાય પણ ખરું અને ના પણ પીવાય'. તેના પ્રતીક રૂપે ટાઇટલ ચિત્રમાં જૈનીઝમના સ્તંભના ઉપરીભાગમાં 3 અને 7 બન્ને ચિહ્નો મૂકયા છે.

જૈનીઝમ કહે છે કે,'દૂધ પીવાય અને ન પણ પીવાય. જો પીવાય તો કયાં, કયારે, કઇ વ્યકિતને માટે, કયા સંયોગોમાં અને કેટલા પ્રમાણમાં તે બધું વિચારવું પડે... દૂધ કેવું અને કેવી રીતે નીકળેલું હોય તો પીવાય ? અને કેવું અને કેવી રીતે નીકળેલું હોય તો

ન પીવાય ?' ઇત્યાદિ સ્યાદ્વાદ-શૈલીથી પરિકર્મિત જવાબ માટે આ પુસ્તિકા તમારે વાંચવી જ રહી.

વિ. સ. ૨૦૬૯ (ખ્રિસ્તી સં. ૨૦૧૩) ના ચાતુર્માસ દરમ્યાન સુરત શહેરમાં અઠવા લાયન્સ જૈન ઉપાશ્રયમાં બંધુત્રિપુટી - પૂ. આચાર્યદેવ **શ્રી અશોકસાગરસૂરીશ્વરજી** મ.સા., પૂ. આચાર્યદેવ **શ્રી જિનચન્દ્રસાગરસૂરીશ્વરજી** મ.સા. અને પૂ. આચાર્યદેવ **શ્રી હેમચન્દ્રસાગરસૂરીશ્વરજી** મ.સા.ની શુભનિશ્રામાં ''**દૂધ એક પરિસંવાદ**'' એ વિષયક શિબિરમાં પૂ. અનુયોગાચાર્ય **શ્રી લબ્ધિચન્દ્રસાગરજી** મહારાજે દૂધ અંગે જે મુદ્દાઓની ચર્ચા કરેલી, તેને ધ્યાનમાં રાખીને જ આ પુસ્તિકામાં તેની વિશદ વિચારણા કરવામાં આવેલી છે.

લિ. સંપાદક

# પશુજન્ય દૂધ આદિ
# ન જ પીવાય?

: લેખક:

પં. પૂ. અનુયોગાચાર્ય શ્રી લબ્ધિચંદ્રસાગરજી મહારાજ

: પ્રકાશક:

**શંખેશ્વર કરુણા ટ્રસ્ટ**

કુંભણ ગામ, સોનગઢ-પાલીતાણા હાઇવે ટચ

જિ. ભાવનગર, ગુજરાત.

પ્રથમ આવૃતિ - જાન્યુઆરી ૨૦૨૦.

: સમ્પાદક અને પ્રાપ્તિસ્થાન:

પંડિત શ્રીધનંજયભાઈ જે. જૈન ''પ્રેમકેતુ''

૧૦૨, તારંગા એપાર્ટમેન્ટ, ૧ લે માળે, પદ્માવતી નગર

૧૫૦ ફીટ રોડ, મેકસસ મોલની પાસે, ભાઈંદર (વેસ્ટ),

પીન કોડ : ૪૦૧ ૧૦૧. જી. થાણા - મહારાષ્ટ્ર

**M : 92768 23488/84909 09393**

।। શ્રી પંચપરમેષ્ઠિને નમઃ।।
।। ૐ હ્રીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।।

## પશુજન્ય દૂધ આદિ ન જ પીવાય?

હિંસા મતલબ કોઈને મારો કે મારી નાંખો. આ વાત આપણે બધા જ સમજીએ છીએ. આ હિંસાના અનેક અર્થો છે, છતાં ભૂમિકાસ્વરૂપે એટલી જ વાત. હિંસા એટલે કોઈની પણ હિંસા. મતલબ કે તમારી પોતાની હયાતિની/તમારા અસ્તિત્વની હિંસા.

तुमंसि नाम तं चेव जं हंतव्वंति मन्नसि - आचारांगसूत्र

તમારી હિંસા એટલે તમારા તનની હિંસા,મનની હિંસા, મનની શાંતિની હિંસા, શાંત-સરલ-સહજ શુભ ભાવોની હિંસા, છેલ્લે સમાધિની હિંસા અને આત્મદર્શનની હિંસા અર્થાત્ તમારા અસ્તિત્વની જ હિંસા.

### વર્તમાન-સ્થિતિ

અહિંસા શબ્દ ગમે અથવા તેની વાતો તો ગમે. પરંતુ યથાર્થ અને પરમાર્થથી અહિંસક બનવા તરફ પ્રાયઃ આપણી દષ્ટિ જતી નથી.

અહીં જે વાત રજૂ કરવામાં આવનાર છે, તે થોડી નવી અને કડવી પણ છે. તેમાં તમારા પગ ઉપર કુહાડો મારવો પણ પડે તેમ છે. તે તમને ગમશે ?

બીજું, આ વાત વરસોની પરંપરાગત માન્યતાઓના કોચલાને તોડવાની છે. હા, શાસ્ત્ર સાપેક્ષ છે, તેથી જ પરસ્પર વિરોધી નથી. જો પૂર્વગ્રહો છોડીને સાંભળશો તો જરૂર સમજાઇ જશે.

**એક વાત કહું ?**

અબજોના ખર્ચે અને મોતને મોઢામાં રાખી કતલખાને જતાં પશુઓને બચાવી પાંજરાપોળ વગેરેમાં મૂકી પશુ બચાવ્યાનો એક ઉંડો હાશકારો લઈ ગરમાગરમ ચાની ચૂસકી લો છો, ત્યારે જ તમે એ ચાની ચૂસકી દ્વારા જ કતલખાને કપાતાં પશુના અને એના બાલુડાઓની હત્યાના સમર્થનનું પ્રથમ પગરણ પ્રારંભી રહ્યા હોય તેવું બને છે.

**શું વાત કરો છો ? હા; ચાલો, આગળ એ જ વાત સમજાવવાની છે.**

**વિશ્વમાં જૈન શાસનનું જે નામ છે .. તેમાં આપણું યોગદાન છે ?**

પ્રભુના પુણ્યથી જે આ શાસન ચાલવાનું જ છે અને ચાલશે જ, એ વાત પર પૂર્ણ વિશ્વાસ છે પણ..વર્તમાન પ્રવાહ ધ્રૂજાવી દે તેવા છે. બહારના પ્રવાહ પણ અને શાસનની અંદરના પ્રવાહ પણ.. ભીતરમાં ભયની એક છૂપી લાગણી પ્રવર્તે છે, કે...

૧. શું આવતીકાલે આગમો હાસ્યાસ્પદ બનશે ? અન્પ્રેકટીકલ લાગશે ?

૨. જૈનશાસનની સત્તાનું હસ્તાંતરણ થશે ? કેટલાક લેભાગુ ગૃહસ્થ વકતાઓ વક્તૃત્વના જોરે ભવ્યજીવોને ભોળવી જાય છે.

૩. અમારા (સાધુઓના) વિવાદો અને વ્યાખ્યાનો શું ઉપરના લેવલના શાણા, સમજદાર, બુદ્ધિમાનોના અને સાયન્ટિસ્ટોના ગળે ઉતારી શકાય તેમ છે ?

૪. કે... બીજા બધા જ બુદ્ધુ, અજ્ઞાની અને મિથ્થાત્વીઓ છે, તેવા માત્ર ખોખલા ખ્યાલોમાં જ રાચતા રહેવું છે ?

૫. કે... આપણું 'કાંઈક' સધાઈ જાય એટલે પત્યું આપણા... ઓચ્છવ-

મહોચ્છવો ? ઉપધાન-ઉજમણાં કે ચોમાસા સફળ થઈ જાય, એટલે સંતોષ ?

૬. કે... પ્રભુ કરશે તેમ અથવા જ્ઞાનીએ દીઠું હશે તેમ થશે, એમ માનીને હાથ ઉપર હાથ ધરીને બેસી રહેવું છે ?

સમય બદલાતાં ભલું, કરવાની ભાવનાવાળાઓ વ્યવસ્થા બદલે છે અને તેમાં જેની પાસે સમયસૂચકતા અને સર્વ સમન્વય કરવાની તાકાત છે, તેવાઓ આગળ આવી જાય છે પણ... તેઓ અલ્પજ્ઞાની હોવાથી ભલું કરવાની તેમની ભાવના હોવા છતાં અંતે નુકસાનદાયક જ બને છે.

વ્યવસ્થાની બાગડોર જૈનોના હાથમાં નથી, તે સ્વીકારવું જ પડશે અને જેના હાથમાં છે ત્યાં સુધી પહોંચવું જ પડશે, તો જ પાછી સત્તા હસ્તગત થશે. તકોની ભરમાર અપાર છે પણ ભ્રમોનો દરબાર તોડવો પડશે. આ લેખમાં જે વાત કરવા માંગુ છું, તેમાં મુખ્યત્વે સમય બદલાયો છતાં પણ આપણે પ્રભુ-આજ્ઞાને બરાબર સમજીને વ્યવસ્થા બદલવાની પહેલ ન કરી.

પ્રભુશ્રી મહાવીરદેવના શાસનમાં પ્રભુ આજ્ઞાની ઉપેક્ષા જ આમાં કારણભૂત બનેલ છે.

**આજની વાતનો વિષય છે : વિગનીઝમ્**

આજથી પાંચ-છ વર્ષ પહેલાં અમદાવાદ ઓપેરા સોસાયટીમાં મળેલ સાધુઓના મિલનમાં મેં આ વાત મૂકી, ત્યારે મોટાભાગના ગુરુદેવોને એ પણ ખબર ન હતી કે વિગનીઝમ એટલે શું ? જેમ હિન્દુઝમ, જૈનીઝમ તેમ વિગનીઝમ. ભારતના જ એક ભાઈ જયદેવભાઈએ આની સ્થાપના અમેરિકામાં કરેલ છે.

વિગનીઝમ એટલે પશુરહિત જીવન વ્યવસ્થા. વર્તમાનમાં સમગ્ર વિશ્વ આ તરફ આગળ વધી જ રહ્યું છે.

**આજે ઘરઘરમાં કૂતરા પળાય છે, પણ બીજા કોઈ પણ પ્રાણી માટે જાણે કે પાબંદી છે. હાથી-ઘોડા-વાંદરા કોઇ જ નહીં, પછી ગાય ભેંસ તો કયાંથી આવે ?**

અરે ! આ લોકોનું ચાલે તો માનવસેવાના નામે પાલીતાણામાં ડોળીઓ પણ બંધ કરાવે, પશુ તો જોઈતા જ નથી પરંતુ ગરીબો પણ નથી જોઈતા. ડોળી બંધ કરાવશો, તો ડોળીવાળાઓ ભૂખે મરી જશે, અરે ! આ તો તેમના મોતને આમંત્રણ આપવા જેવી વાત છે. પરંતુ જીવદયાના કે માનવસેવાના સમજણ વગરના અતિરેકમાં આ જીવોને મારવાની જ વાત થઇને ?

આ પૂર્વે ઇ.સ.૨૦૧૨માં પણ મુંબઇના અનેક સંઘોમાં અનેક પંડિતોની મિટીંગ બોલાવીને તેમાં તથા અનેક આચાર્ય ભગવંતોને ઘણી ઘણીવાર ઘણું કહયું પણ..વ્યર્થ !

**માટે આ લખાણ તૈયાર કર્યું છે, આ અંગે અનેક શિબિરોનું આયોજન પણ કરી ચૂકયો છું.**

**સૌ પ્રથમ આ બે ભ્રમમાંથી મુક્ત થવું પડશે...**

૧. દૂધ-દહીં, ઘીના ઉપયોગથી પશુ ટકે છે.

૨. દૂધ-દહીં, ઘી જીવન માટે ખૂબ જ જરૂરી છે.

### ૧. દૂધ-દહીં, ઘીના ઉપયોગથી પશુ ટકે છે.

આ વાત સાવ ખોટી નથી. ભૂતકાળમાં આ વાત સાચી હતી અને હજુ પણ સમય છે. સાચી રીતે જાગી જઇએ તો ભવિષ્યમાં પણ તેમ બની જ શકે. પણ હાલના ધારા-ધોરણ મુજબ દૂધ મોટા ભાગે બંધ કરવું એ જ હિતાવહ જણાય છે. આગળની વાતો શાંત મને વિચારશો તો બધું સમજાઇ જશે.

**૨. દૂધ, દહીં અને ઘી જીવન માટે ખૂબ જ જરૂરી છે.**

આ વાત પણ સાચી છે પરંતુ એક ઉંમર વટાવ્યા પછી દૂધ, દહીં અને ઘી કેટલી માત્રામાં, કયા વ્યકિતને કયા કારણસર આપવું જોઈએ, એ આગળ બતાવીએ છીએ તે પ્રમાણે જાણવું જરૂરી છે. જે વૈદિક ધર્મ વગેરેમાં ખૂબ દૂધ લેવાનું જણાવ્યું છે એવું જૈન ધર્મમાં જણાવેલ નથી અને તેમાં પણ આજના સમયમાં (રીપીટ... આજના કાળમાં) મળતા દૂધ, દહીં અને ઘી શરીર માટે તદ્દન હાનિકારક છે અને જેનાથી આયુષ્યના જોખમો પણ ઊભા થાય છે, માટે વર્તમાનમાં મળતા દૂધ, દહીં અને ઘી જીવન માટે 'જરૂરી છે', એ વાત કાઢીને 'અત્યંત હાનિકારક છે' એ વાત મગજમાં લેવી જરૂરી છે.

**કેટલીક અવિસંવાદી (મહત્વ)ની વાતો બરાબર સમજી લો**

**૧. દરેક સસ્તન પ્રાણીને દૂધ પોતાના બાળક માટે જ આવે છે.**

કોઈપણ સસ્તન પ્રાણી ગર્ભ ધારણ કરે છે, ત્યાર બાદ જ તેના સ્તનમાં દૂધનો ભરાવો પોતાના બાળક પ્રત્યેની મમતાના કારણે જ થાય છે અને બાળકના જન્મ બાદ જ તે દૂધ બહાર આવે છે અને જયાં સુધી તે બાળક છે ત્યાં સુધી જ દૂધ આવે છે. જેવું બાળક દૂધ પીવાનું બંધ કરે પછી ધીમે ધીમે દૂધ આવતું બંધ થઈ જાય છે.

**૨. દરેક પ્રાણી બચપણમાં જ દૂધ પીએ છે.**

ચાહે માનવ હોય કે પશુ, પોતાની માતાનું દૂધ તો તે નાનું બાળક હોય ત્યાં સુધી જ પીએ છે, પછી ભલેને વાઘ-સિંહ કે ચિત્તો કેમ ના હોય ? તે પ્રાણી મોટા થઈને દૂધ પીતા જ નથી. તેમની તાકાત કે તેમના શારીરિક બાંધામાં દૂધનો કોઈ જ ફાળો નથી.

**પોતાની માને છોડીને બીજી માનું દૂધ પીએ ?**

ના... લગભગ કોઈ જ ના પીએ અને માનવ પણ બાળક હોય ત્યારે તો બીજાની માનું દૂધ (ખૂબ જ આપવાદિક પ્રસંગ બાદ કરતાં) નથી જ પીતો... પણ... માનવ જ એક એવો છે કે જે મોટા થયા પછી પણ બીજાની માનું (પશુની માનું) દૂધ પીએ છે.

**શું માનવનું આ વર્તન યોગ્ય છે ?**

હા...કેમ કે માનવ અન્ય પશુ કરતાં વધુ વિકસિત છે, બુધ્ધિમાન છે, સમજદાર છે, પોતાના શરીરને સ્વસ્થ રાખવા,સાધનાઓ દ્વારા આત્મઘરમાં પ્રવેશ કરવા,જીવનનાં છેલ્લાં શ્વાસો વખતે પણ સમાધિ ટકાવવા,આવા વ્યાજબી-ઉત્તમ–ઉચ્ચ અનેક આશયોને લઈને માનવ ગાયના દૂધનું પરાપૂર્વ કાળથી આસેવન કરતો આવ્યો છે.

**ભગવાન શ્રી મહાવીરદેવે આહારમાં દૂધ લીધું હતું ?**

ભગવાનના દીક્ષા બાદના અનેક પ્રસંગોમાં જોવા મળશે કે પ્રભુએ લગભગ ખીર (જે દૂધ અને ચોખામાંથી બને છે) થી પારણા કર્યા છે અને અનંતલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીએ પણ ૧,૫૦૦ તાપસોને ખીરથી જ પારણા કરાવ્યા હતા.

ઉપાસક દશાંગ નામના આગમમાં આનંદ નામના શ્રાવકની વાત આવે છે, તેમની પાસે ગાયોના ચાર વ્રજ હતાં. એક વ્રજમાં ૧૦,૦૦૦ ગાયો હતી. એટલે કે ચાર વ્રજમાં ૪૦,૦૦૦ ગાયો થઈ. આનંદ શ્રાવકે જે પ્રતિજ્ઞા કરી હતી, તેમાં પણ ગાયનું દૂધ લેવું તેવી છૂટ રાખેલી હતી. ગાયનું દૂધ શીતવીર્ય ગણાય છે, ભેંસનું દૂધ ઉષ્ણવીર્ય ગણાય છે અને બીજા પણ અનેક કારણોસર ગાયનું દૂધ ઉત્તમ ગણવામાં આવેલ છે.

ઘણા કહે છે કે પહેલાના કાળમાં ભેંસ-બકરા તો હતા જ નહીં , તો તે વાત ખોટી છે. કેમ કે આગમમાં ભેંસ વગેરે પ્રાણી પણ માનવ આધારિત પશુઓ તરીકે હતા જ, તેમ જણાવવામાં આવેલ છે.

**શું રામ, કૃષ્ણ વગેરે આર્યપુરુષોએ દૂધનો આહાર કર્યો હતો ?**

પશુજન્ય દૂધાદિ પદાર્થો (માંસાદિ નહીં) પરાપૂર્વકાળથી માનવ આહારમાં સામેલ હતા જ.

તમારી વાત સિદ્ધ કરવા માટે, જ્યારે તમે ખોટી વાતનો આશ્રય કરો છો કે કૃષ્ણ તો માખણ વગેરેની મટકી ફોડી નાંખતા ને કહેતા કે દૂધાદિ પદાર્થો પણ પશુજન્ય માંસાદિની જેમ વર્જ્ય છે. તો ભાગ્યશાળી ! કાન ખોલીને સાંભળી લો. આવા હળહળતાં જુઠાણાં બંધ કરો.

૧. કૃષ્ણ માત્ર માખણચોર જ ન હતા, પણ તેમને માખણ ખૂબ ભાવતું અને તેવો ખૂબ જ માખણ ખાતા પણ હતા. આજે વૈદિક પરંપરાના લાખ્ખો ઘરોમાં કૃષ્ણના માખણ ખાતા ફોટા તમને જોવા મળશે.

૨. પશુજન્ય માંસ વગેરે અને પશુજન્ય દૂધ વગેરેમાં વૈદિક પરંપરાના ધર્મગ્રંથો અને સંસ્કૃતિ શું માને છે તે સમજી લો, તમે જન્મથી હિન્દુસ્તાનના હોવા છતાં પરદેશી પોપટ બનીને ના બોલો.

ભારતીય ધર્મગ્રન્થો માને છે કે માંસ અને લોહી, જેવું તે પ્રાણીના શરીરમાંથી જુદું પડે કે તરત જ તે માંસ-લોહીમાં તેવા જ કલરના, તેવી જ ગંધના, તેવા જ રસ (સ્વાદ) ના ને તેવા જ સ્પર્શના બીજા અનંત જીવો ઉત્પન્ન થાય છે. અને તે સિવાય માનવ શરીર (દાંત-પેટ-આંતરડા) માંસ પચાવવા સક્ષમ નથી, વગેરે ઘણી વાતો છે, પણ હાલ તે વિષય નથી. જ્યારે પશુજન્ય દૂધ વગેરેમાં તેવા જીવો જન્મતા જ નથી તથા દૂધ માનવ શરીરના સંવર્ધનનું કારણ છે, માટે દૂધ વગેરેને પૂર્ણ

આહાર તરીકે ગણવામાં આવેલ છે. પણ મહત્ત્વની વાત હવે શરૂ થાય છે.

**સમગ્ર હિન્દુસ્તાને દૂધના આહારમાં કરેલી મોટી ભૂલ**

આપણે ત્યાં દૂધ આદિનો ઉપયોગ બુધ્ધિમત્તાનું કારણ હોવા છતાં તેનો અતિરેક આપણી સમસ્યાનું મૂળ છે. મહાવીર પ્રભુએ સાધુને આહાર પણ કારણસર (૬ કારણે) જ લેવાનો કહેલ છે. તો શું દૂધ આદિ વિગઈ માટે કોઈ મર્યાદા નક્કી કરી જ નથી ?

**પ્રભુએ સ્પષ્ટપણે દૂધાદિ વિગઇ માટે મર્યાદા આપેલ છે.**

૧. સાધુઓએ તો ખાસ કારણ વગર દૂધાદિ ન લેવું.

૨. દૂધ વગેરે લેવું જ પડે તો પણ ઔષધની જેમ જ લેવું.

૩. દૂધ વગેરે (૬ વસ્તુ) વિગઈ છે અને વિગઈનો અર્થ કરેલ છે કે જે શરીરમાં વિકૃતિ કરે,મનમાં વિકૃતિ કરે, જેથી માનવ મન ઘરથી માંડીને વિશ્વ સુધી અનેક પ્રકારની અરાજકતા (અનાચાર - ભ્રષ્ટાચાર - બલાત્કારાદિ પાપોના) નિર્માણ કરે. પરિણામે ચીકણાં કર્મ બાંધીને જીવ વિગઈ - વિગતિ એટલે કે બીજા ભવે દુર્ગતિ પામે. જે વાત સાધુ માટે છે, તે વાત શ્રાવકોને પણ આંશિક રૂપે લાગુ પડે કે નહિ ? કે શ્રાવકોને દૂધનો બેફામપણે ઉપયોગ કરવાની છૂટ ?

એક સૂત્ર છે - **अति सर्वत्र वर्जयेत्**... જીભના રસના ચટકા માટે સમસ્ત ભારતવર્ષમાં રોજબરોજ તથા જાહેર સર્વ પ્રસંગોમાં અને દિવાળી વગેરે પર્વોમાં અનાપ-સનાપ દૂધ વગેરેનો વિપુલ માત્રામાં આહાર વધવા લાગ્યો. આ નાની દેખાતી ભૂલનું પરિણામ કેવું ગંભીર છે તે આગળ વાંચતા વધુ સ્પષ્ટ બનશે.

**વિશ્વવ્યવસ્થામાં આવેલ પલટો**

આ પરિસ્થિતિમાં વિશ્વવ્યવસ્થાએ પલટો ખાધો અને **सर्वे गुणा:**

**कांचनमाश्रयन्ते ।** કંચન-સોનું-પૈસો જેની પાસે વધારે, તે વધુ ગુણવાન, દામ કરે કામ, બીબી ભરે સલામ. પૂર્વે જ્યાં ખાનદાન જોઈને દીકરી આપવી વગેરે વ્યવહાર થતો હતો, ત્યાં હવે બધે જ માત્ર પૈસા જ જોવાવા લાગ્યા છે, ખાનદાન-ખુમારી, ખમીરીની અમીરી આ બધું અજ્ઞાનના ઓરડામાં બંધ થઈ ગયું અને Eat, drink and be merry – ખાઓ, પીઓ અને મોજ કરો-નો પવન ફુંકાઈ ગયો. એને કોઈ રોકી ના શકયું. પરિણામે 'ઉદ્યમ'ના સ્થાને જે 'ઉદ્યોગા' સ્થપાયા, તેમાં ડેરી ઉદ્યોગ પણ સ્થપાયો, જ્યાં દૂધની નદીઓ વહેતી હતી, ત્યાં દૂધ તો ઠીક, હવે પાણી પણ વેચાવા લાગ્યું અને ઉદ્યોગના માત્ર બે જ ઉદ્દેશ્ય હોય છે :

૧. હું જેનો ઉદ્યોગ કરું તેની કોઈ પણ કારણસર ડીમાન્ડ વધે

૨. હું જે પણ પ્રોડ્ક્ટ બનાવું, તેનું રો-મટિરીયલ સસ્તું મળે/માલ સસ્તો કરવો અને મોંઘો વેચવો.

હવે અહીં રો-મટિરીયલ તરીકે પશુનો આહાર છે. મશીન તરીકે પશુ છે અને પ્રોડક્ટ તરીકે પશુનું દૂધ છે. આહાર સસ્તો કરવો અને દૂધ વધુને વધુ તે-તે પશુમાંથી મળે તેવી ગોઠવણ કરવી. આના કારણે શું ઘોર ખોદાઈ તે સમજો.

### ૧. પશુને અપાતો ખોરાક બગડયો

હવે જે લખાય છે, તેને માનવને જન્મ આપનારી માતા સાથે સરખાવજો. કારણ કે ભારતમાં ગાય માતા તરીકે મનાય/પૂજાય છે.

પશુનો ખોરાક રોમટિરીયલ છે. પશુ મશીન છે અને તેમાંથી મળતું દૂધ તે પ્રોડક્ટ છે. પશુને સાચો સારો અને તંદુરસ્ત ખોરાક મળતો બંધ થયો. કપાસ-ખોળ-લીલાઘાસ-રોટલી વગેરે, એ બધી વાત તો દૂર. સુકા ઘાસ અને કચરા જેવો દુર્ગંધયુકત ખોરાક અપાતો શરૂ થયો. એક સર્વેક્ષણ મુજબ ગાય વધુ દૂધ આપે અને

વધુ સમય ટકે તેવો- બગડી ન જાય તેવો– પ્રોટિનના પાવડરનો પણ આહાર શરૂ થયો અને ખૂબ જ સસ્તામાં આ પ્રોટિન પાવડર મળવા માંડયો. તે સસ્તો જ મળે, કારણ કે આ ખોરાક / પાવડર બને છે જ, નકામા અને અત્યંત ઘૃણાસ્પદ કતલખાનાનાં કચરામાંથી. તમને જાણીને નવાઇ લાગશે કે કતલખાને જે પશુ વગેરે કપાય તો તેના શરીરનાં અનેક ભાગ ફેંકી જ દેવા પડે, જેમ કે પગની ખરી, વિષ્ટાયુકત ગુદાનો ભાગ અને અમુક અન્ય અવયવો. આવા નકામા વિષ્ટા / ગંદકી યુકત પદાર્થોનો કતલખાનાની બહાર એક મોટો ઢગલો થાય, જેમાં ઇયળો વગેરે અનેક જીવો ઉત્પન્ન થાય. પછી કોન્ટ્રાક્ટ મુજબ તેને ખૂબ જ સસ્તા ભાવે વેચવામાં આવે, ખરીદનાર એક મોટી કલાઈમાં સીધો જ ટ્રેકટરો / ટ્રકો ભરીને તે માલ નાંખે, ૨૮૦ ડીગ્રી સુધી તે કતલખાનાનો ગંદો કચરો ઉકળે (ત્યારે ઉપર તરી આવનાર પીળું પ્રવાહી, એ કેમિકલથી શુદ્ધ કરી તેલ-ઘીમાં બનાવટ થઇ, **બજારની મોટા ભાગની ફરસાણ બનાવતી દુકાનોમાં સસ્તા ભાવે વેચાય છે**, માટે જ હાલના સમયમાં તો બહારનું કોઈપણ ભોજન લેવું તે વર્જ્ય જ ગણાય) અને જે ઠોસ પદાર્થ પડી રહે, તે પાવડર પશુઓનો ખોરાક બને.

**જો કાંદા/લસણ ખાનારના ઝાડામાં પણ કાંદા/લસણની વાસ આવે, તો આવો ખોરાક ખાનાર પશુના દૂધમાં તે** માંસાહારના ગુણધર્મ શું ના આવે ? તો શું આવી માંસાહારના ગુણધર્મવાળું દૂધ, માસાંહાર રૂપ છે, તેમ આ અપેક્ષાએ ન કહી શકાય ?

**૨. કૃત્રિમ ગર્ભાધાન**

પ્રતિવર્ષ પશુને ગર્ભાધાન કરવા જ પડે તો જ દૂધ સતત મળતું રહે. ડેરી અને તબેલામાં જે રીતે ગર્ભાધાન કૃત્રિમ થાય છે તે જાણશો તો ચક્કર જ આવી જશે. પશુને પાછળના ભાગથી નીમહકીમો સાબુવાળો હાથ કરીને આખો હાથ એની

અંદર નાંખે અને બિચારી ગાય તરફડે, આંખોથી આંસુ સારે અને કેટલાય દિવસ તો મળત્યાગ સુદ્ધાં ના કરી શકે અને ખાવાનું પણ પોતે બંધ કરી દે.

### ૩. દૂધનું અધિકારી વાછરડું કતલખાને

આ ખૂબ જ મહત્વની બાબત છે. પૂર્વકાળમાં (રીપીટ...પૂર્વના કાળમાં) ભારતમાં જે ગાય વગેરે પશુ હતા, તે તેના વાછરડાને સંપૂર્ણ દૂધ પીવડાવી દે, ત્યારબાદ બાકી બચતું એટલે કે વધેલું દૂધ માનવના ઉપયોગમાં લેવાતું અને ઔષધ તરીકે મર્યાદિત લેવાનું હોવાથી ચાલી જતું અથવા એવો એક નિયમ બની ગયેલ કે ગાય વગેરેના જે ચાર આંચલ હોય તેમાંથી ૨ કે ૩ આંચલ તેના બાળક માટે તથા ૧ કે ૨ આંચલનું દૂધ જ માનવ ગ્રહણ કરતાં. ગાયો વગેરે પશુઓમાં ક્યાંક ઓછું પણ દૂધ આવતું હોય, પણ વિશેષરૂપે ભારતીય ગાયોમાં એવું જ બને કે એ ખૂબ જ વધારે દૂધ આપતી હતી અને પોતાના બાળકને પીવડાવ્યા બાદ વધેલું દૂધ મા પોતાના મોટા બાળકને પાઈ દે અથવા કોઈ મંદિરો વગેરે જઈને અભિષેક કરાવી દે યા તો જંગલમાં છોડી દે આવું બધું પણ બનતું.

વર્તમાનકાળમાં માનવસ્ત્રીમાં પણ વધુ પ્રેમ કે વધુ ઓકિસટોશીન ઝરે, એના કારણે માનવસ્ત્રીમાં પણ બાળક પીએ, એના કરતાં વધુ દૂધ આવવાની ઘટનાઓ ઘટે જ છે, એમાં કાંઈ નવાઈ જેવું નથી.

આમાં એ વાત પણ સમજવા જેવી છે કે પશુ આપણે ત્યાં પારિવારિક પ્રાણી હતું. માનવના સુખ દુઃખનું સાથી હતું. જો માણસ દૂધ લેવાનું ભૂલી જાય તો તે બહાર ભાંભરતું કે આવો અને દૂધ લઈ જાવ. (અમારે ત્યાં ગાયો અકલ્પનીય માત્રામાં દૂધ આપતી) જંગલમાં પણ જે નીલગાય વગેરે છે, તે પોતાના નાના બચ્ચાને દૂધ આપ્યાં બાદ, વધેલુ દૂધ પોતાના મોટા બાળકને પીવડાવી દેતી હતી,

એટલે ટૂંકમાં દૂધ જેના માટે આવતું તેને સંપૂર્ણપણે મળી રહેતું હતું.

પણ આજે ગાય વગેરે પશુ હવે પારિવારિક પ્રાણી રહયું નથી. એક પ્રકારનો ઉદ્યોગ છે. માટે જે વાછરડા માટે દૂધ આવે છે તે વાછરડાને આંચલથી લગાવી દૂધ આવવાનું બરાબર શરૂ થતાં તેને તરત જ હટાવી લેવામાં આવે છે, જન્મે ત્યારથી પોતાના બચ્ચાને માતા ભૂખ્યું જોઈ નથી શકતી, ભયંકર દુઃખી થાય છે અને રોજ બરાબર દૂધ શરૂ થતાં જ તે બાળક, જે દૂધનું સાચું અધિકારી છે, તે **સીધું જ કતલખાને જાય છે અને એવું દૂધ આપણા કહેવાતા જિનભકત અહિંસાપ્રેમી-જીવદયા પ્રતિપાલક-ષડ્જીવનિકાય રક્ષક- અહિંસાના સૂત્રધારો ગટગટાવે. વાહ.. જીવદયા!!** પોતાના વાછરડાને પોતાની પાસે ન જોતાં ગાયમાતાઓ ૬-૬ મહિના સુધી રડતી હોય છે, આંસુ સારતી હોય છે અને ભાંભરતી હોય છે.

ડો. કુરિયનના એક અભિપ્રાય મુજબ, માત્ર મુંબઈના ડેરી ઉદ્યોગમાંથી દર વર્ષે ૮૦૦૦૦ વાછરડા કતલખાને જાય છે, તો ભારતમાંથી કેટલા ? અને આવાં તાજાં વાછરડાંનું માંસ અમુક સ્પેશ્યલ નામથી વેચાય છે, જેના વધુ પૈસા મળે છે. હાય ક્રૂરતા !

**ઓક્સિટોશીન શું છે ?**

ઓક્સિટોશીન, આ એક ડ્રગ્સ છે. કાયદાકીય પરમિશન નથી છતાં પણ ૯૯ ટકાથી વધુ દરેક પશુ પર આ ડ્રગનો સર્વત્ર ડેરીઓમાં, ખાનગીમાં, તબેલાઓમાં ઉપયોગ થાય છે. આ ડ્રગ્સ ખાસ કરીને મા બાળકને પ્રેમ કરે, ત્યારે તેના શરીરમાંથી સંતાન પ્રત્યેના પ્રેમના કારણે ઝરે છે અને તેથી તેના શરીરમાંથી દૂધ નીકળે છે.

માનવ સ્ત્રીમાં પણ અતિ લાગણીશીલ માતામાં વધુ દૂધ આવે તેવું બને છે, તો કયાંક માતા લાગણીશીલ ન બને તો દૂધ ના આવે તેવું પણ બનતું હોય છે. આ કુદરતી પ્રક્રિયાના વિજ્ઞાનનો દુરુપયોગ થયો અને ગાય વગેરેના દૂધને વધુ તથા સતત પામવા માટે દરેક પશુઓને ઓક્સિટોશીન અપાવા માંડ્યું. આ આપવાથી પશુના પેટમાં એક જબરજસ્ત દબાણ ઊભું થાય છે, જે પ્રસવપીડા જેવું ગણાય છે, ત્યાર બાદ દૂધ છૂટે છે. કેવો ભયંકર ત્રાસ !!

**મશીનથી દૂધ :**

તમામ ડેરીઓમાં દૂધ મશીનથી જ નીકળે છે અને શહેરોમાં પણ તબેલાઓમાં હવે મશીનો પ્રવેશી ચૂકયા છે કારણ કે હાથથી દોહવું હવે ગમતું નથી. ધીરે ધીરે મશીનનો ઉપયોગ વ્યાપક બનવા માંડયો છે.

બહુ સારી રીતે આ વાત સમજી લેવા જેવી છે કે માનવ મશીન બની રહ્યો છે. કપડાં ધોવા-વોશિંગમશીન, રસોઇ માટે ઓવન, હવે ખાખરા-પાપડ માટે મશીન, રોટલી બનાવવા પણ મશીન, હજી ક્યાંક - કયાંક જ્યાં કાંઇક પણ હાથથી બને છે, તેમાં પણ જૂની પેઢીવાળા છે ત્યાં સુધી, પછી કોઇ કશું જ હાથથી નહીં બનાવે, તેમ ગાય વગેરેના દૂધ કાઢવા માટે પણ પ્રાયઃ સર્વત્ર મશીન ગોઠવાઇ રહ્યા છે. જ્યાં તબેલા તમારી વચ્ચે છે, ત્યાં પણ દેખાવ પૂરતા હાથથી કાઢે છે, પણ અંદરખાને મશીનો વપરાતા થઇ ગયા છે અને ભવિષ્યમાં તો મશીન જ સર્વત્ર થઇ જશે.

**મશીનમાંથી દૂધ નીકળવાની પ્રક્રિયા આવી છે:** જેમ વાછરડું મોં વડે ઝટકા મારી મારીને દૂધ ચૂસે છે, તેમ મશીન પણ ઝાટકા મારી મારી દૂધ કાઢે છે. આંચળમાં દૂધ પૂરું થઇ જાય, ત્યારે માણસ મશીનની સ્વીચ બંધ કરવા જાય, ત્યાં સુધીમાં બે-ચાર ઝટકા તો વાગી જ જાય, તેથી ગાયના આંચળમાંથી લોહીની ટીશર છૂટે છે...

તેમાંથી લોહીના ૨/૪ ટીપાં દૂધમાં પડી પણ જાય છે. ફરી બીજે દિવસે એ જ જગ્યાએ ફરી મશીન લગાડાય. આવું વારંવાર થવાથી ત્યાં ગાયને પરૂ થાય, પસ થાય અને તેના અંશો દૂધમાં પણ ભળે.

નવાઈની વાત તો તે છે કે, જ્યારે સરકારે પણ દૂધના પ્રતિ લીટર લેબોરેટરી ટેસ્ટમાં ૨ ટીપા લોહી અને ૮ ટીપાં પરૂની છૂટ આપેલ છે. તર્ક છે કે આટલી ડિમાન્ડ, આટલા પશુ, આટલું દૂધ એ હાથથી કાઢવું શક્ય નથી, માટે મશીન સિવાય કોઈ ઉપાય જ નથી. તેથી સરકારે પણ આવી છૂટ આપી છે અને આપણે ત્યાં આવનારા તમામ દૂધમાં બે ટીપાં લોહી અને આઠ ટીપાં પરુ હોવાનો પૂર્ણ સંભવ છે.

### શું દૂધ માંસાહાર છે ?

વર્ષો પહેલાં પૂ. પંન્યાસપ્રવર **શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.** ની સભામાં મેનકા ગાંધીએ એવું મંતવ્ય વ્યકત કરેલું કે દૂધ માંસાહાર છે. ત્યારે ખૂબ જ અફડાતફડી મચી ગયેલી. આજની તારીખમાં પરીક્ષણ કર્યા બાદ મારે એટલું કહેવું છે કે દૂધ માંસાહાર તો નથી પણ માંસાહાર 'જેવું' તો છે જ. (અહીં 'જેવું' શબ્દ મહત્વનો છે.)

### મિલાવટ :

ભારતની FDI, FSSI વગેરે સંસ્થાઓનો રિપોર્ટ જુઓ તો ખબર પડે કે તમે જે દૂધ વાપરો છો, તેમાં કેટલી મિલાવટ છે.

### અમૂલ વગેરે મોટી કંપની, પણ ગુણવત્તા ગુલ :

હવે અમૂલ વગેરેના જે દૂધ હોય છે એ દૂધમાં પણ ઘણા બધા પ્રકારે મિલાવટ હોય છે અને મોટા ભાગે એ દૂધનો પાવડર કરી દેવામાં આવે છે. જરૂરિયાત મુજબ પાવડરમાંથી દૂધ બનાવીને આપવામાં આવે છે અને અમૂલના જે

દૂધ છે, તેમાં પણ વેચનારા લોકો લુચ્ચાઇ પૂર્વક તેને કાપી તેમાં ગંદુ પાણી વગેરે ઉમેરીને આપે છે.

**ભૈયાનું દૂધ :**

બહુ જાણીતો જોક છે કે, 'આજે દૂધ મોડું આવ્યું' તો ઘરમાલિકણ ભૈયાને પૂછેં છે કે, 'ક્યોં લેટ આયે ?' ભૈયા : 'આજ પાની લેટ આયા ઈસલિયે'. એટલે એક તો પાણી ઉમેરે અને પાછા બહાર મળતા દૂધ ઘરે લાવી કેનમાં ભરી તમારા ઘરે આપી જાય અને તમને લાગે કે ચોખ્ખું અને તાજું દૂધ મળે છે ? જે ભૈયાઓના મુંબઈમાં કે ક્યાંય પણ મોટા નામ છે, જરા જો જો, તે ટૂંકા ગાળામાં કરોડોપતિ બની ગયા છે. આંખો ખુલ્લી રાખો.

**તબેલાનું દૂધ :**

એમાં પણ ગંદકી, મિલાવટ, મશીનથી દૂધ, કૃત્રિમ ગર્ભાધાન, ઓક્સિટોશીન, વાછરડું કતલખાને, આ બધા પૂર્વે જણાવેલા દોષો ઊભા જ છે.

તબેલાથી લેપ્ટોસ્પાયરોસીસ રોગો થવાનું કોર્ટે પૂરવાર કરેલ છે, પણ ખૂબ પૈસા હોવાથી હવે તે મુંબઈના દાદા છે. તબેલાની જગ્યાઓ માટે બંદૂકોના ગોળીબાર થતાં અમે અમારી સગી આંખે જોયા છે.

**તમને નવાઈ લાગશે - દૂધ વગરનું દૂધ :**

માથામાં નાંખવાનો શેમ્પુ, ડિટર્જન્ટ પાવડર, સોડિયમ ક્લોરાઈડ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, એશિયન પેઈન્ટસ, આવા બધા પદાર્થોથી દૂધ બને છે. તમામ સ્ટેશનો-હોટલોમાં આવા દૂધની ચા બને છે. દિવાળી વગેરે તહેવારોમાં તો આવા દૂધની માત્ર ચા જ નહીં, તે દૂધમાંથી ચક્કાજામ દહીં, આગળ વધતાં ઘી-દહીંને માવાની જોરદાર મિઠાઈઓ બને છે. બજારની માત્ર મિઠાઈ નહીં, ફરસાણ પણ કેવી રીતના બને છે, તે પણ જાણી લો.

**બજારનું ફરસાણ :**

આગળ એક પ્રકરણમાં જણાવ્યા મુજબ તમને કતલખાનાના કચરામાંથી ૨૮૦ ડીગ્રી પર ઉકાળ્યા બાદ ઉપર તરી આવતાં ઓઈલની વાત કરી કે તે ઓઈલ ઘી અને તેલ તરીકે દરેક હોટલમાં વેચાય છે.

હમણાં બીજો પણ એક પુરાવો મળ્યો, જે લખતાં પણ કલમ ધ્રૂજે તેવો છે, છતાં જાણ્યું તે જણાવું છું. આપણે જાણીએ છીએ કે આપણા ઘર બહાર કે ગલીમાં કૂતરા-બિલાડી-ગધેડા વગેરે મરી જાય તો તેને સરકારી નોકરો આવીને ઢસડીને લઈ જાય. આવા પશુઓને એક મોટી કડાઈમાં ગરમ કરી પછી તેના શરીરમાંથી જે ગંધાતું, ગ્રીસ/ઓઈલ ઝરે તે ઓઈલ ઘી-તેલ તરીકે બજારમાં વેચાય છે.

માણસે પૈસા કમાવવા અને સસ્તું મેળવવા માનવતાના તમામ સીમાડા ઓળંગી દીધા છે અને તમે પાછા કહો છો કે બહાર ખાવાની તો મઝા જ કાંઈ ઓર છે ! આ છે તમારી મજા ? આજે ૨૫/૩૦ વર્ષની ઉંમરના યુવાનોને એટેક-બ્રેઈન સ્ટ્રોક કેટલા વધ્યા અને કેમ વધ્યા ? ખૂબ વિચારવા જેવું છે.

**એક વાત :**

ખૂબ વિચારજો, સાધુની ગોચરી કોના ઘરોમાંથી આવે છે ? ભલે સાધુ ફરી ફરીને ૪૨ દોષરહિત ગોચરી લાવે, પણ તમારા ઘરોમાં દૂધ-દહીં-ઘી ને તેલ ઉપરોકત દોષોથી દૂષિત હોય, તો સાધુની ગોચરી દોષિત કે નિર્દોષ ? સાધુનું મન પછી સ્વાધ્યાયમાં લાગે ? સાધુજીવન પણ વિકારી ના બને ? અને સાધુ જે ગોચરી લાવે તે જ ગોચરી આચાર્યભગવંતો અને ગચ્છાધિપતિશ્રી પણ વાપરે, કેટલો મોટો અનર્થ !

**દૂધ પીઓ તો ગાય બચે :**

'દૂધ પીશો તો જ ગાયો બચશે' આવા ભ્રમમાંથી બહાર આવો, કયું પશુ બચે ?

ક્યાં પશુ બચે ? એકલ દોકલ કયાંક થનારા આપવાદિક સ્થાન છોડો. બાકી કેવી રીતે પશુ બચે ? તમને ખબર છે ? જન્મેલા વાછરડામાં ગાય હોય કે બળદ કાંઇ ફેર જ પડતો નથી, બંને સીધા કતલખાને જ જાય છે અને જે ડેરી-તબેલા છે, એ દૂધાળા પશુ સીધા જ ખરીદે છે. કયાંથી ખરીદે ? તો આખી વ્યવસ્થા હવે બદલાઇ ચૂકી છે. જેમ મરઘા ઉછેર કેન્દ્ર ચાલે છે, તેમ ગાય-ભેંસ-બકરાના ઉછેર કેન્દ્રો ચાલે છે. વિદેશમાં તો ઘણા મોટા પાયે આ ચાલે જ છે. ભારતમાં પણ હવે શરૂ થઇ ગયા છે. આ બધું બિઝનેસ પોલીસીના એક ભાગ સ્વરૂપ છે, જે ડેરી વગેરે મોટા ઉદ્યોગો છે, તેની ત્રણ પાંખ હોય છે.

**૧. પશુ ઉછેરકેન્દ્ર  ૨. ડેરી ઉદ્યોગ  ૩. કતલખાના**

જેમ કે અમૂલ ડેરી ! તેની આ ત્રણે પાંખ છે, દૂધ આપનાર ગાય, આગળ બતાવવામાં આવે છે તેવા અનેક કારણસર અસ્વસ્થ/બીમાર હોય છે, તેનું વાછરડું તેનું દૂધ પીને સ્વસ્થ રહી શકવા સમર્થ નથી, કારણ કે લોહી અને પરુવાળું દૂધ પીને સમર્થ ન રહી શકે. તે વાછરડું દૂધ આપે ત્યાં સુધી તેને રાખવું પોસાય નહીં, માટે ઉછેર કેન્દ્ર અલગ જ ખોલવામાં આવેલ છે, તેમાં ગાય-બળદ બધાનો ઉદ્ધેર થાય છે. તેમને જબરા હટ્ટા કટ્ટા બનાવવામાં આવે, જેથી ઊંચા દામ પર વેચાય.

અરે ! હમણાં તો એવા સમાચાર મળ્યા છે કે ગાય વગેરેના પેટ ઉપર એક મોટું કાણું પાડી રાખવામાં આવે છે, જેમાં માનવનો હાથ પેટમાં ઉંડે સુધી જાય, તે કાણાના માધ્યમે સતત તેનો ખોરાક કેટલો પચ્યો વગેરે હાથ નાંખીને સતત રોજ જોવામાં આવે. જેમ મીલ વગેરે મશીનમાં બારણું રાખે અને કચરો ફસાય, તો બારણું ખોલી મશીન સાફ કરવામાં આવે, તેમ તે પશુઓના પેટમાં પણ તેવું કાણું પાડી પ્લાસ્ટીકની રીંગ ફીટ કરી દેવામાં આવે છે, જેથી કાયમ માટે કાણું બરકરાર રહે અને તેની ઉપર ઢાંકણું લગાવી દેવાય છે, જેથી ઢાંકણું ખોલીને ગાયના પેટમાં હાથ

નાંખીને જોઇ શકાય, દવા આપી શકાય, જીવતાં પશુઓ સાથે આવા ઘૃણાસ્પદ અને મશીન તરીકેના ઘાતકી વ્યવહારો કરવામાં આવે છે.

પશુની હેરાફેરી માટે ચાર-ચાર માળની બસો રાખવામાં આવે છે. બહુ જ નિર્દય અને ખરાબ રીતે વર્તાવ થાય છે, કારણ કે તે લોકો પશુને 'મશીન' જ માને છે. માટે દૂધ પીશો તો ગાય બચશે, તેમ માનશો નહિ. દૂધ અને તેનો સંપૂર્ણ આહાર તાત્કાલિક બંધ કરવાથી ડીમાન્ડ ઘટે, તેમનાં ધંધા લોસમાં જાય, તો જ ગાય બચે અને ઉછેરકેન્દ્ર બંધ થાય, ડેરી-તબેલા બંધ થાય, તેની માર્કેટ બંધ થાય તો કતલખાના બંધ થાય. કાંઇ નહીં તો ઓછા તો થાય જ.

**વિદેશોમાં વિગનીઝમ ખૂબ કામ કરે છે :**

વિદેશોમાં વિગનીઝમનો વ્યાપ ખૂબ જ આગળ વધી રહ્યો છે અને ભારતમાં પણ ઉપરના લેવલથી વિગનીઝમનો પ્રભાવ/પ્રચાર ખૂબ વધી રહેલ છે. તે લોકો પશુજન્ય 'કશું' પણ વાપરતાં નથીં. દૂધ-દહીં-ઘી, તેની સમસ્ત બનાવટો તથા માંસ, રક્ત, ચામડાં, હાડકાં, તેની સમસ્ત બનાવટો, આગળ વધીને મોતી, રેશમ, હાથીદાંત, ઉન વગેરે તમામ બનાવટો, તે લોકો વાપરતા નથી હોતા.

જુઓ, એક વાત યાદ રાખીએ, તમામ માણસો જ્ઞાની નથી હોતા, પણ દયાળુતા તો અનેકમાં હોય છે. જાણકાર કોઇ પણ વ્યકિત તેમને સમજાવે અને તે સાચું લાગે તો તેમના અંતરમાં દયા જાગી જાય છે અને તે બધો જ ત્યાગ કરવા તૈયાર થઇ જાય છે.

જૈનીઝમ કે હિન્દુઝમ સમય (જમાના) ને ઓળખીને પોતાની ભાષા અને વ્યવસ્થા નહિ બદલે, તો વર્તમાન કાળમાં જન્મેલા લોકો, તેમને સમજાય તેવી ભાષામાં સુંદર આકર્ષક રીતે રજૂઆત કરનારા લોકોની વાતો સાંભળીને, તેને ધર્મ સમજી લઇને સ્વીકારી લેશે. તેમાં વાંક કોનો ? આપણો ! કેમકે બીજા આધુનિક વક્તાઓની કે બની બેઠેલા ગૃહસ્થ ધર્મનેતાઓની આપણે ભૂલો જ કાઢયા કરીએ

છીએ. તેના બદલે સમય પ્રમાણે વર્તમાન શ્રોતાઓને સમજીને શાસ્ત્રની સત્ય વાતોને - પ્રભુઆજ્ઞા મુજબ -પણ નવી રજૂઆત દ્વારા સમજાવવામાં આવશે, તો વર્તમાન શ્રોતાઓ પણ તેને સહર્ષ સ્વીકાર્યા વગર નહિ રહે.

બીજું મારે એ કહેવું છે કે વિગનીઝમમાં મૂળ ભાવના (અહિંસાની) સારી છે... તે અનુસાર તેમાં ત્યાગ પણ વિપુલ માત્રામાં કરવામાં આવે છે છતાં વિવેકપૂર્વકની સમજણની ખામી છે. તેથી તેના બે વિભાગ પાડી શકાય.

૧. તેમનામાં જે સારું છે, તે સ્વીકારવું.. દા.ત. પશુઓ પ્રત્યે તેમના હ્રદયમાં દયા... મનુષ્યોની રસલાલસા અને લોભવૃતિના કારણે પશુઓ ઉપર કરાતા અત્યાચારનો વિરોધ... પશુઓ પ્રત્યે મનુષ્યોના સ્વાર્થ માટે આચરાતી ભયંકર ક્રૂરતા એ કોઈપણ રીતે ઉપાદેય નથી વગેરે વિચારધારા ચોક્કસ સારી છે. આપણે-ધર્મનિષ્ઠ ગણાતા ધર્માત્માઓ પણ-સ્વલાલસા અને લોભવૃતિના કારણે, જાણવા છતાં દૂધ આદિ પદાર્થો અને તેમાંથી બનતી મિઠાઈઓ વગેરેનો ઉપભોગ છોડી શકતા નથી કે છોડવા માંગતા નથી...તેથી વિગનીઝમનો એકાંતિક વિરોધ કરીએ તો તે શું ઉચિત છે ? આપણે માત્ર રસલાલસાના કારણે દૂધ અને તેની બનાવટો (મિઠાઈ) વગેરે ભરપૂર પ્રમાણમાં ઝાપટતા રહીએ... અને વિગનીઝમવાળાના પશુદયા પ્રેરિત દૂધ કે તજ્જન્ય પદાર્થોના ત્યાગની પણ હાંસી ઉડાવતા રહીએ... તેમનો ભયંકર વિરોધ કરીને તેમને ઉતારી પાડીએ તો તે શું ઉચિત છે ? આ જ આપણી પ્રભુ-આજ્ઞાની વફાદારી છે ?

ના...તેમનો ત્યાગ ઉત્તમ છે અને તે ત્યાગના મૂળમાં રહેલી તેમની પશુદયાની ભાવના પણ ઉત્તમ છે અને આપણે જાણવા છતાં ઘણાં રૂપાળાં બહાનાં કાઢીએ છીએ અને મોહના મેનેજર મનની વાતો સાંભળીને દૂધાદિ પદાર્થો છોડી શકતા જ નથી, તો આ પણ ઉચિત નથી જ, આ બન્ને વાતોને સહૃદયતાથી સ્વીકારવી જ

જોઈએ. તો જ આપણે જિનાજ્ઞાના પક્ષપાતી કહેવાઈએ.

**હવે બીજી વાત :**

૨. વિગનીઝમ, જે એમ કહે છે કે દૂધ અને તજ્જન્ય સર્વ પદાર્થો ન જ ખવાય કેમ કે તે ગાય-ભેંસ વગેરે પશુઓમાંથી નિર્મિત થાય છે, ઈત્યાદિ વાતો જે પૂર્વે જણાવી છે, તે વાતો બિલકુલ બરાબર નથી.

જો પૂર્વોક્ત દોષોથી રહિત દૂધ પણ ન જ પીવાય અને ગાય વગેરે પશુઓમાંથી નીકળતાં લોહી-માંસની જેમ દૂધ અને તજ્જન્ય સર્વ પદાર્થો પણ સર્વથા-એકાંતે-ન જ ખવાય/ન પીવાય એ વાતોને સ્વીકારવામાં આવે તો મનુષ્યની જીવન વ્યવસ્થા પશુરહિત બની જશે અને તો પશુઓ સુતરાં કતલખાને ચાલ્યા જશે. આ તો પશુઓ ઉપરના અત્યાચારને રોકવા જતાં પશુઓના જીવનોનો જ પૂર્ણનાશ થવાનો મહાદોષ આવીને ઊભો રહેશે. આ તો 'હવેલી લેતાં ગુજરાત ખોયા' જેવો ઘાટ થશે. માટે વિગનીઝમની આ વિચારધારા સાથે સંમત થઈ શકાય તેમ નથી.

પશુજન્ય સર્વ પદાર્થો ન જ ખપે અર્થાત ન વપરાય આવો વિગનવાદીઓનો તર્ક છે. પરંતુ પશુજન્ય સર્વ પદાર્થો ન ખપે અર્થાત ન વપરાય એવું નહિ, પશુઓનું લોહી-માંસ આપણાથી ન લેવાય- ન ખવાય, પરંતુ પશુઓનું મૂત્ર-છાણ અને દૂધ આદિ પદાર્થો આપણાથી ઉપયોગમાં લેવાય અર્થાત ભક્ષ્ય છે. આ તર્ક આપણી અર્થાત જે વિગન નથી, તેઓની માન્યતા છે.

પશુજન્ય પદાર્થો બધા જ અભક્ષ્ય છે, અકલ્પ્ય છે. તેથી ન જ ખવાય-પીવાય દૂધ પણ પશુજન્ય હોવાથી અભક્ષ્ય છે ? વિગનવાળાઓની આ દલીલ સર્વથા ખોટી છે.

હમણા દૂધ અને લોહીને પૂનામાં લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટે આપવામાં આવ્યા, તેમાં કોઈ પણ લોહીનો ગુણધર્મ દૂધમાં જોવામાં આવ્યો નથી.

મનુષ્યના મળ-મૂત્ર અપવિત્ર ગણાય છે. એટલું જ નહિ, જે વસ્ત્રો પહેરીને માણસે મલોત્સર્ગ કર્યો હોય, તે વસ્ત્રોનું પરિધાન કરીને પ્રભુપૂજા પણ નિષિદ્ધ ગણાય છે. પરંતુ ગાયનું મૂત્ર અને છાણ તો અતિ પવિત્ર ગણાય છે. અશુદ્ધિના નિવારણ માટે ગોમૂત્ર અને ગોમયને ઉપયોગી ગણ્યા છે. ગાયના પાંચે ય ગવ્ય (મૂત્ર-છાણ-દૂધ વગેરે) ને શુદ્ધિકારક ગણ્યા છે. જિનાલય શુદ્ધિકારક અનુષ્ઠાનોમાં ગાયના પંચ ગવ્યનો વિશિષ્ટ ઉપયોગનું વિધાન જૈન ધર્મમાં તો મળે જ છે, પરંતુ વૈદિક ધર્મોમાં પણ તેના ભરપૂર ગુણ ગાવામાં આવ્યા છે.

આ બધી બાબતો એમ સિદ્ધ કરે છે કે ગાય કે અન્ય પશુઓના માંસ-લોહી જો અભક્ષ્ય (ત્યાજ્ય) ગણાય તો તેના દૂધ-મૂત્ર આદિ પદાર્થો પણ અભક્ષ્ય ગણવા જોઈએ. કેમકે તે બધા પશુજન્ય છે. આવી વિગનવાદીઓની દલીલ સાવ તર્કશૂન્ય અને બેબુનિયાદ છે.

આમ છતાં... વર્તમાનમાં અતિ ભયંકર હિંસાથી જનિત દૂધ આદિ હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ, તેવો મારો વિનમ્ર અભિપ્રાય છે.

આપણે ત્યાં મોતી, રેશમ, હાથીદાંત, ઉન એ વર્ષોની પરંપરાથી વપરાતા આવ્યા છે. પણ જો તે ઘોર-અતિઘોર હિંસા દ્વારા નિર્માણ પામ્યા છે, તેવી ખબર પડે તો તે ન જ વપરાય. આજકાલ રેશમ વગેરે અતિઘોર હિંસાજન્ય હોવાનું જાણવા મળ્યું છે. તો શુદ્ધ રેશમના પૂજાના વસ્ત્રો વગેરે અતિહિંસાજન્ય પદાર્થો ન જ વાપરવા જોઇએ. (મટકા સિલ્ક આવી હિંસાથી બનતું નથી.)

**વિગનીઝમ વિષે થોડી વિશેષ વાતો :**

વિગનીઝમના જુદા જુદા શહેરોમાં રહેલા પ્રચારકોમાં અહિંસાની (જીવદયાની) ભાવના પ્રશંસનીય છે છતાં તેઓની અજ્ઞાનતા અને લાંબુ વિચારવાની અક્ષમતા (દૂરંદેશિતાનો અભાવ) હોવાથી તેઓ વિગનીઝમના

સ્થાપકોના મૂળ ઉદ્દેશ્યને સમજી શકયા નથી અને પ્રાણીદયાની ઉપરછલ્લી વાતો સાંભળીને દૂધ અને દૂધજન્ય પદાર્થોના ઉપભોગના વિરોધી અભિયાનમાં જોડાઈને પોતાને ધન્ય સમજે છે.

હકીકતમાં આ લોકલ પ્રચારકો ભોળાં અને અજ્ઞાની છે. વિગ્નીઝમના સ્થાપક અંગ્રેજો કે અંગ્રેજીમતથી પ્રભાવિત દેશી અંગ્રેજો (ભારતીય કે અન્ય) આખા વિશ્વમાં માંસાહાર ફેલાવવાના ઉદ્દેશ્યવાળા છે. તે માટે જ તેઓએ દૂધવિરોધી અભિયાન આદર્યું છે.

હિંસાના નામે બૂમરાણ મચાવીને, દૂધનો જોરશોરથી વિરોધ કરવામાં આવે અને તમે જો શુદ્ધ શાકાહારી હો તો દૂધ પણ ન જ પીવાય, તેવું જીવદયાપ્રેમીઓના હૃદયમાં ઠસાવી દેવામાં આવે એટલે લોકો દૂધ પીતાં બંધ થાય એટલે સરવાળે મનુષ્યો માટે નકામા થઈ ગયેલા પશુઓ ક્યાં જાય? સીધા કતલખાને જાય અથવા પશુઓને જંગલમાં છોડી દેવાય તો સિંહ-વાઘનો શિકાર બનીને મોતના મુખમાં જાય. આ જીવદયા છે કે જીવદયાના નામે દૂધનો વિરોધ કરીને કરવામાં આવતી ભયંકર જીવહિંસા ?

જેમાં દૂધ,દૂધની મલાઈ કે માવો ન આવતો હોય તેવી વિગન-મિઠાઈ, વિગન-ચોકલેટો અને વિગનની અન્ય ખાદ્ય સામગ્રીઓ બજારમાં આવી ગઈ છે. અરે! વિગન-માંસ પણ બજારમાં આવી ગયાનું સાંભળ્યું છે. માંસાહારના પ્રેમીઓને આકર્ષવા માટે વિગન માંસ જે દેખાવમાં અને સ્વાદમાં માંસતુલ્ય જ હોય છે, પણ માંસ (પશુજન્ય) નથી. વાસ્તવમાં તે સોયા વગેરે પદાર્થોમાંથી બનાવાય છે. પરંતુ તેમાં માંસતુલ્ય સ્વાદ ઉમેરવા માટે ઓરિજિનલ માંસના જિન્સ ઉમેરવામાં આવે છે. માંસાહારી ખુશ થાય છે કે ચાલો, આપણને માંસનો સ્વાદ પણ મળી ગયો અને આપણે વિગન પણ ગણાઈશું. પરંતુ આ તો ભયંકર છેતરપીંડી છે. વિગન-

માંસ ભલે સોયા વગેરેમાંથી બનાવાતું હોય, પરંતુ સાચા માંસના જિન્સ અંદર ઉમેરવાથી તે માંસ જ બની ગયું.

(જૈન ધર્મની થીયરી પ્રમાણે માંસ ન હોય પરંતુ માંસના જેવા વર્ણ-સ્વાદવાળું હોવાથી તે માંસ જ ગણાય, કેમ કે તમે ભાવથી (મનથી) તો માંસ જ ખાઇ રહ્યા છો. જયારે અહીં તો વિગન માંસ સાચા માંસરૂપે નથી, એમ કહીને છતાં તેના જિન્સ તેમાં ઉમેરી દઈને તમને વિગન માંસના નામે સાચું માંસ ખવડાવી દેવામાં આવે છે અને તમારી સાથે ભયંકર છેતરપીંડી કરવામાં આવી રહી છે. જૈન ધર્મ તો એટલો સૂક્ષ્મ છે કે કુમારપાળ રાજાને ઘેબર ખાતા માંસના વર્ણ-સ્વાદ-દેખાવની અનુભૂતિ થતી હોવાથી ગુરુએ ઘેબર પણ ત્યાગી દેવાની સૂચના આપી હતી અને તેમણે ઘેબરનો ત્યાગ કર્યો હતો... જૈન ધર્મની આવી સૂક્ષ્મ અહિંસાનો વિચાર કરીએ ત્યારે આ વિગ્નીઝમની ઉપરછલ્લી અહિંસા (જીવદયા) તો એક જાતની આત્મવંચના હોય તેવું લાગે.)

**બીજી વાત :**

વિગન માંસના કારણે માંસાહારીઓ વિગન-માંસ ખાતા થઈ જશે તો શું ઓરીજનલ માંસનો આહાર છોડી દેશે ખરા? અને વળી 'વિગન માંસ શુદ્ધ શાકાહારી છે' તેવા ભ્રમમાં શુદ્ધ વેજીટીરયન લોકો પણ વિગન માંસ ખાતાં થઈ જશે... વિગન માંસ ખાવાની ટેવ પડશે પછી નહિ મળે તો સાચકલું માંસ ખાતા પણ થઈ જશે. અરે! કેટલાક દુષ્ટો વિગનમાંસના નામે સાચકલું માંસ પીરસી દેશે તો તેની ભેદરેખા કેવી રીતે સમજાશે? (વિગનમાંસ માંસના જિન્સ ઉમેરવાથી માંસ રૂપ જ છે તે ભૂલશો નહિ)

અમને એવું લાગે છે કે આ રીતે આખા વિશ્વમાં માંસાહારનો પ્રચાર-પ્રસાર કરવાની અને વિપુલ માત્રામાં વિશ્વને માંસાહારી બનાવવાની આ ભયંકર

ચાલબાજી છે... તેને નહિ સમજીએ તો 'દેખતી જીવદયા' લાંબા ગાળે 'ઘોર જીવહિંસા' (પશુહિંસા) માં પરિણમ્યા વગર નહિ રહે.

આ રીતે, વિગ્નીઝમના મૂળમાં ઉદ્દેશ્યની દુષ્ટતાને નહિ સમજી શકેલા સ્થાનિક વિગન-પ્રચારકો જીવદયાના નામે જીવઘાત કે જીવહિંસાના પ્રચારમાં જોડાઈ રહ્યા છે... તેની તેઓને સમજ નથી.

માટે જ અમે વિગ્નીઝમનો વિરોધ કરીએ છીએ. વિગ્નીઝમનો મૂળ ઉદ્દેશ્ય શુદ્ધ-સાચો નથી. છતાં વર્તમાનમાં જે રીતે પૂર્વે જણાવ્યા પ્રમાણે આજના કાળે દૂધ અને તેની બનાવટોની પાછળ અતિઘોર હિંસા રહેલી છે, તે યથાર્થ જ છે અને તેથી વર્તમાનમાં તેવા અશુદ્ધ દૂધ અને તજ્જન્ય બનાવટોનો ત્યાગ કરવો જ જોઈએ. પરંતુ આપણે દૂધ છોડીએ તેટલા માત્રથી આપણે વિગન બની જઈએ છીએ તેવું માનવું નહિ. અમે તો, વર્તમાનમાં થતી અતિ ઘોર હિંસા અમારાથી જોવાતી નથી/સહાતી નથી, માટે દૂધ અને દૂધજન્ય પદાર્થોનો ત્યાગ કરીએ છીએ. બાકી શુદ્ધ-સાચું-પૂર્વોક્તિ દોષ રહિત દૂધ પીવા મળે તો તેમાં અમારો કોઈ વિરોધ નથી. હવે મૂળ વાતમાં આગળ વધીએ...

**ડેરીમાંથી સીધા કતલખાને :**

સરેરાશ ગાય વગેરેનું આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે, પરંતુ ૧. ઓછો ખોરાક, ૨. કચરા જેવો ખોરાક, ૩. કૃત્રિમ ગર્ભાધાન, ૪. ઓક્સિટોશીન, ૫. મશીનથી દૂધ, ૬. બાળકનો વિયોગ આવા બધા કારણે તે અત્યંત દારૂણ દુ:ખમાં રિબાય છે અને ૬-૭ વર્ષે તો એમ લાગે કે બસ, હવે માત્ર પ્રાણ જ બચ્યા છે. શેરડીમાંથી જેમ બધો રસ કસ કાઢયા બાદ કુચા કેવા હોય ? બરાબર તેવા જ તેનાં હાલ હવાલ થાય છે.

અમે જોયું છે કે મરવાનાં વાંકે પશુ એક ખૂણામાં પડયું રહે છે. માખીઓ બણબણે છે. બસ... કતલખાનેથી એને લેવા આવનાર ગાડીની માત્ર રાહ જોવાય છે

અને જેવી ગાડી આવે કે બે માણસો આવે, ગાડીનો પાછળનો ગેટ પણ ના ખોલે અને મરવાના વાંકે જીવતાં આ પશુને બે બે પગે ઉંચકી, બે વાર હવામાં હલાવીને સીધા ગાડીમાં ઘા કરે. એક-બે-ત્રણ ! એકના ઉપર એક ! વિચારો તો ખરા શું હાલ થાય ? કતલખાને પહોંચતા પહેલાં જ અડધાથી વધુ પશુઓના શ્વાસ રૂંધાઈ જાય છે અને મરી જાય છે. તે લોકો ગાયને મશીન માને છે ને ? 'જીવ' કયાં માને છે !

અને આ જ રીતે આગળ કહ્યું તેમ, જન્મેલા વાછરડા પણ સીધા કતલખાને જ જાય છે.

**પશુમાં માનવ જેવી જ સહજ લાગણી પ્રેમ હોય છે :**

પશુ પોતાના બાળક માટે જંગલમાં એકવાર સિંહ સામે પણ લડી લે છે, પણ માનવ સામે કેવું બિચારું લાચાર બની જાય છે ! સિંહને પણ પોતાના બાળકની રક્ષા માટે એક વાર ભગાડી શકે, તે જ માતા (ગાય કે ભેંસ રૂપ પશુ) પોતાના બાળકને આંખથી અળગું થતું જોઈને કેવું રુદન કરતું હશે ? તેના હૈયામાંથી કેવી 'હાય' નીકળતી હશે ? પશુ પોતાના પ્રાણ બચાવવા ૬/૭ ફૂટની દીવાલ પણ કુદી જાય, પણ અહીં માત્ર વિવશ-લાચાર ! પશુ આ જ લાગણીઓના કારણે માનવ સાથે પારિવારિક પ્રાણી બનીને જીવતો આવ્યો છે. માનવ સાથે એનો એવો નાતો છે - જેવો મા અને દીકરાનો, માટે તો ભારતીય સંસ્કૃતિમાં ગાયમાતા શબ્દ આવ્યો.

દૃઢપ્રહારીની કથા જાણીએ છીએ ને ? માલિકને બચાવવા શત્રુની સામે થાય છે અને પોતાના મોતને વહાલું કરે છે.

**પશુપ્રેમની સત્યઘટના :**

અમે નાના હતા, ત્યારે સ્કુલમાં એક પાઠ આવતો હતો પાડાનો. માલિક તેના પાડા પર બેસી રોજ ગામ બહાર રેલવેના પાટા ઓળંગીને જતો. બે મશક પાણીથી ભરી, તે બે મશક પાડા ઉપર લાદી પોતે પણ પાડા પર બેસી, પાટા

ઓળંગીને પાછો આવતો.

એક દિવસ પાટા ઓળંગવાના સમયે જ ટ્રેનનો સમય થઇ ગયો અને ગાડીનો રસ્તો બદલવા, જ્યાં પાટા બદલાય ત્યારે જ પાડો પાટા ઓળંગતો હતો, ને પાડાનો એક પગ એ બદલાતા પાટામાં ભરાઇ ગયો. માલિકે આ જોયું. માલિક અને પાડા વચ્ચે અજબ પ્રેમ. પાડાની સાથે જ માલિક પણ મરવા તૈયાર થઇ ગયો ! પાડો કેટલો વિચારશીલ અને લાગણીશીલ છે કે ત્યારે તો તે કશું જ કરતો નથી, પણ જેવી ટ્રેન નજીક આવે છે અને પાડો એક ઝાટકો મારે છે, જેનાથી માલિક દૂર જઇ ફેંકાઇ જાય છે. માલિક બચી જાય છે ને પાડો મરી જાય છે. બોલો ! એક મૂંગા પશુની પણ કેવી લાગણી ને કેવી વફાદારી !

પશુ જંગલમાંથી ઘરે આવ્યા બાદ જો તેનો માલિક તેને ખીલે બાંધવાનું ભૂલી જાય તો, બહાર રહીને તે પશુ ઊભું- ઊભું ભાંભરે કે મને ખીલે બાંધી દો. પશુ સામેથી ખીલે બંધાતું ને સામેથી દૂધ આપતું.

પશુ સાથેની ભારતની ભાતીગળ ભવ્ય વ્યવસ્થાને વિદેશી શું સમજી શકે ? પણ ભારતવાસીઓને કહેવાનું કે પશુઓની માનવ સાથેની કરોડો વર્ષોની વફાદારી સામે બેવફા ન બનો. જેમ ધંધો રોજગાર હોવા છતાં સરકાર નીતિના વિરોધમાં બંધ પાળો છો, તેમ આ પશુઓને બચાવી લેવા દૂધ વગેરે બંધ કરો.

**સરસ કાવ્યપંક્તિઓ...**

કોઇ હિન્દી કવિની કાવ્ય પંક્તિઓ છે કે...

जिसका दूध हम साल-दो साल पीते है, उसको जीवनभर माता कहते है
और जिसका दूध जीवनभर पीते है, उसको हम गाय-माता कहते है !

અને એક ગુજરાતી વ્યંગ જાણવા જેવો છે...

*''હે માનવ ! તારે મને જન્મવા દેવી નહોતી,*

*જન્મી તો ભલે જન્મી, ઉછેરવી નહોતી.*

*અરે ! ઉછેરી તો ભલે ઉછેરી, મને વેચવી નહોતી,*

*વેચી તો ભલે વેચી, પણ મારું દૂધ વેચવું નહોતું.*

*અરે ! દૂધ વેચ્યું તો ચાલ, ભલે વેચ્યું પણ,*

*તારે મને ડેરીમાં, તબેલામાં કે કતલખાનામાં વેચવી નહોતી.*

*તારે મને ડેરીમાં, તબેલામાં કે કતલખાનામાં વેચવી હતી,*

*તો ભઇલા ! તારે મને મા કહેવી નહોતી.''*

અબજો પશુઓની-આપણા નિષ્ઠુર બનેલા દિલને હચમચાવી મૂકે તેવી આ દર્દનાક અપીલ છે કે અમારો જન્મ બંધ કરાવો. હવે અમારે આ મહાવીર-બુદ્ધ-નાનક-રામ-કૃષ્ણના દેશમાં પણ હવે જન્મવું નથી. કારણ કે આ દેશવાસીઓને આ મહાપુરૂષોના સિદ્ધાંતો સાથે કશી લેવા-દેવા નથી.

**તો શું ? પશુને જન્મ ના આપવો ?**

ના, આવું તો જરાય ન કરાય, ભૂલથી પણ ના વિચારાય. **અમારી સંસ્કૃતિના વિચારોનું વલોણું કહે છે કે પશુ-રહિત જીવન-વ્યવસ્થા એટલે માનવ સભ્યતાનું મોત.** એક વાક્ય યાદ રાખવા જેવું છે કે દસકે - દસકે જેની સમજ બદલાય તેનું નામ સમાજ, પણ જેની સમજ શાશ્વતી છે તેનું નામ શાસ્ત્ર અને તેના આધારે ધર્મ અને સંસ્કૃતિ હોય છે.

**તો શું દૂધ પીવાનું સંપૂર્ણ બંધ કરવું ?**

આ પ્રશ્નનો જવાબ છે : ના. સંપૂર્ણ દૂધ બંધ કરવાનું શકય નથી, તે જરૂરી પણ નથી. રોગાદિના કારણે, શરીરની અસ્વસ્થતા ટાળવા અને વિશિષ્ટ તપ-સંયમમાં પ્રવર્તવા પ્રભુ (વીર પરમાત્મા) ની આજ્ઞા મુજબ દૂધ ઔષધ રૂપે જરૂર

લેવું. અર્થાત્ કારણવશાત્ દૂધ એક-બે કપ વાપરી શકાય. **"विगई विगइं बला नेई"** એ ગાથા (જિનાજ્ઞા) યાદ કરીને 'દૂધાદિ વિગઈઓ દુર્ગતિનું કારણ છે' એ સમજેલા સાધુ જેમ સકારણ અને સપ્રમાણ દૂધ વાપરે, તેમ શ્રાવકોએ (ગૃહસ્થોએ) પણ તે પ્રમાણે કરવા પ્રયત્નશીલ બનવું, તે જ હિતકારી છે...

**તેમાં બે વાત ધ્યાનમાં રાખવી.** એક,પૂર્વે વર્ણવાયા મુજબનું ૧. નિર્દય-ઘાતકી હિંસા, ૨. ઘૃણાસ્પદ મિલાવટ, અને ૩. લોહી-પરુથી યુક્ત દૂધ ના જ પીવાય.

બીજું જમણવારો/પારણાઓ/સ્વામિ વાત્સલ્યોમાં અતિ પ્રમાણમાં જે દૂધની આઈટમો બનાવાય છે અને વપરાય છે તે તો બંધ જ કરાવવી.

**આવું સાચું-શુદ્ધ દૂધ ક્યાં મળે ?**

હા...આજે પણ એવી સંસ્થાઓ છે કે જે પૂર્વોકત કોઈ પણ અવ્યવસ્થા દોષો વગરનું સાચું અને શુદ્ધ દૂધ આપે છે, આપી શકે છે. જૈન ધર્મ નહીં પામેલા, કેટલાક અજૈનો (મુંબઈ વગેરે શહેરોમાં) એવા છે, જે ગાયને માતા માનીને 'ગોસેવા' કરવાના શુભ ભાવ સાથે આવી વ્યવસ્થા (દૂધ વિતરણની) પૂરી પાડે છે.

પરંતુ તે સંસ્થાઓના નામો અહીં જાહેર નથી કરતો...કેમ કે મને સતત એ ડર છે કે પૈસા બહુ જ બૂરી બલા હોવાથી, માંગ (Demand) વધશે તો મિલાવટ શરૂ તો નહિ થઈ જાય ને ? રહે ડીમાંડ વધે અને સપ્લાય ન થઈ શકે એટલે મિલાવટ, પુનઃ ગાયો ઉપર અત્યાચાર.. અને અહિંસાના વાઘામાં હિંસાઓનો પુનઃ પાછલા બારણે પ્રવેશ ?!!

આજે કોનો ઉપર વિશ્વાસ કરવો ? આ એક ગંભીર પ્રશ્ન છે છતાં મને અમુક વ્યકિતઓ ઉપરના વિશ્વાસને કારણે અમુક સંસ્થાઓ ઉપર વિશ્વાસ છે પરંતુ જાહેરમાં નામ આપતાં ડરું છું. છતાં વ્યક્તિગત કોઈ પૂછવા આવે તો તે સંસ્થાઓના નામ પણ આપું છું. આવી સંસ્થાઓ કે વ્યકિત દ્વારા ખાત્રીપૂર્વકનું પૂર્વોકત

દોષરહિત દૂધ મળે તે માટે પ્રયત્ન કરવો અને દૂધ જરૂર વાપરી શકાય/વાપરવું જોઈએ, પણ ઔષધ રૂપે પ્રમાણસર...!

**આ સ્થિતિમાં આપણી ફરજ શી ?**

સર્વ પ્રથમ જૈનોની એ ફરજ છે કે સર્વમાન્ય અને સ્વચ્છ છાપ ધરાવનાર સુયોગ્ય વ્યક્તિઓની ટીમ બનાવે. જે સાચા ને સારા (એટલે કે ઉપર બતાવેલ દૂષણો રહિત) દૂધની તપાસ કરે અને ત્યાર બાદ તે વેપાર ન બની જાય પરંતુ સેવા જ બની રહે, તેનું ધ્યાન રાખી પશુઓના પાલન-પોષણ-સંવર્ધન માટે જરૂરી જ પૈસા લે, નફો ન ખાય અને લોકોની જરૂરિયાત જાણીને મર્યાદામાં રહીને જ દૂધનું વિતરણ કરે તો દુધ અંગેના  દોષોથી બચી શકાશે.

# શ્રી શંખેશ્વરપુરમ્ તીર્થ

## શત્રુંજયમાં શંખેશ્વર
## શંખેશ્વર જેવું શંખેશ્વર !
## જૈન સાયન્સ સિટી



પાલીતાણાના પાદરમાં કુંભણ ગામ પાસે
સોનગઢ-પાલીતાણા હાઇવે ટચ

પ્રેરક :
અનુયોગાચાર્ય
પૂ. શ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા.

પ્રકાશક :
શંખેશ્વર કરુણા ટ્રસ્ટ